## "ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ" અંતર્ગત કેવિકે, દેવાતજ દ્વારા યોજેલ કાર્યક્રમો

ગાજરઘાસ જાગૃતિ સપ્તાહના ભાગ રૂપે તા. ૨૦.૦૮.૨૦૧૮ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે યોજેલ વિસ્તરણ કાર્યકર્તાઓ માટેના જાગૃતિ-વ-તાલીમ કાર્યક્રમમાં નિંદણ નિયંત્રણ યોજનાના મદદનીશ પ્રાદ્યાપક શ્રી ડી. ડી. ચૌધરીએ ગાજરઘાસ નિયંત્રણની સંપૂર્ણ માહિતી આપી. તેમજ કે.વિ.કે. ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલે ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ વિશે ચર્ચા કરી વિસ્તરણ કાર્યકર્તાઓને લીડરશીપ લઇને જે તે વિસ્તારમાં નિયંત્રણ લાવવા જણાવેલ.

બીજો કાર્યક્રમ મેરા ગાંવ મેરા ગૌરવ યોજના હેઠળ દત્તક ગામ મેઘવા ખાતે યોજાયો, જેમાં પાંત્રીસ જેટલા ખેડૂત ભાઇઓને કાર્યક્રમમાં નિંદણ નિયંત્રણ યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના મદદનીશ પ્રાધ્યાપક (જમીન વિજ્ઞાન), શ્રી ડી. ડી. ચૌધરીએ ગાજર ઘાસના ઉપદ્રવ, નુકશાનો અને તેના નિયંત્રણના ઉપાયો પરત્વે માહિતગાર કરી ભારત સરકાર દ્વારા પ્રસ્તુત સદર વિષયોક્ત બાબતોની ટૂંકી વિડીયો ફિલ્મ બતાવી વિષયોક્ત બાબતેનું સાહિત્યનું વિતરણ કર્યું. તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વૈજ્ઞાનિક (એગ્રોનોમી), શ્રી યોગેશભાઇ સી. લકુમે ખેડૂત ભાઇઓને નિંદણથી થતા નુકશાન અને હઠીલા નિંદણનો ફેલાવો થતા અટકાવવાના ઉપાયો જણાવ્યા. કે.વિ.કે. ના વૈજ્ઞાનિક (પશુપાલન), ડૉ. એસ. બી. કાટોલે દ્વારા પશુપાલનમાં પણ ગાજરઘાસ દ્વારા ઉભી થતી મુશ્કેલીઓ અને તેના નિયંત્રણ પરત્વે માહિતી આપી. અંતમાં મેઘવા ગામના ગ્રામ પંચાયત અને સરપંચશ્રીનો આ કાર્યક્રમ યોજવા સારૂ સહયોગ પૂરો પાડવા બદલ આભાર વ્યક્ત કર્યો.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>











